# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 19/02/2026** **Morning : 7.10 to 7.20**
**Day : THURSDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **પ્રવેશ અડિએચા** વાંચે છે.

---

1. **ગુજરાત વિધાનસભા માં ચાર લાખ 8 હજાર 53 કરોડ રૂપિયાનું અંદાજપત્ર રજૂ કરાયું, ગાંધીનગરમાં દેશની સૌથી મોટી અત્યાધુનિક 'નમો સેન્ટ્રલ લાયબ્રેરી' સ્થાપવાની જાહેરાત.**
2. **કૃષિમંત્રી જિતુ વાઘાણીએ કહ્યું , ગુજરાત કૃષિ વ્યવસાય અને નિકાસ પ્રોત્સાહન નીતિ મુજબ પાંચ હજારથી વધુ કૃષિ વ્યવસાયને સહાય અપાશે.**
3. **નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ કહ્યું , પોલીસને પડકાર આપનારા લોકોને જડબાતોડ જવાબ અપાશે.**
4. **રાજ્ય સરકારે આવકના પ્રમાણપત્ર અંગે મહત્વના સુધારા જાહેર કર્યા.**
5. **ICC ટી-20 ક્રિકેટ વિશ્વકપની અમદાવાદમાં રમાયેલી મેચમાં ભારતે નેધરલેન્ડ્સને 17 રનથી હરાવ્યું.**

---------------------------------------------------------------------------------

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ 7 વાગીને 45 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો..

# GUJARAT BUDGET OVERALL

ગુજરાત વિધાનસભામાં ગઈકાલે રાજ્યનું વર્ષ 2026-27નું ચાર લાખ 8 હજાર 53 કરોડ રૂપિયાનું અંદાજપત્ર રજૂ કરાયું છે. અંદાજપત્ર રજૂ કરતા , નાણાં મંત્રી કનુ દેસાઈએ કહ્યું કે , મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વ હેઠળની સરકારનું આ અંદાજપત્ર સામાજિક સુરક્ષા, માનવ સંસાધન, માળખાકીય સુવિધાઓ, આર્થિક પ્રવૃત્તિ અને ગ્રીન ગ્રોથ એમ પાંચ સ્તંભ પર ધ્યાન કેન્દ્રીત કરે છે.

અંદાજપત્રની મુખ્ય જાહેરાતમાં શિક્ષણ અને યુવા શક્તિ પર વિશેષ ભાર મૂકાયો છે. રાજ્યના 97 લાખ વિદ્યાર્થીઓ માટે શિષ્યવૃત્તિ પેટે પાંચ હજાર 967 કરોડ રૂપિયાની જોગવાઈ કરવામાં આવી છે. તે મુજબ, અનુસૂચિત જાતિ અને જનજાતિના કુમાર વિદ્યાર્થીઓ માટે પોસ્ટ-મેટ્રિક શિષ્યવૃત્તિની વાર્ષિક આવક મર્યાદા અઢી લાખથી વધારીને છ લાખ કરવામાં આવી છે. ઉપરાંત , આશ્રમશાળાઓના વિદ્યાર્થીઓની માસિક સહાયમાં વધારો કરી બે હજાર 500 રૂપિયા કરવામાં આવી છે. રાજ્યમાં નવી 926 PM-શ્રી શાળાઓ અને ગાંધીનગર ખાતે દેશની સૌથી મોટી અત્યાધુનિક 'નમો સેન્ટ્રલ લાયબ્રેરી' સ્થાપવાની જાહેરાત કરવામાં આવી.

આરોગ્ય અને ગરીબ કલ્યાણ ક્ષેત્રે, રાજ્યમાં અમદાવાદ બાદ હવે સુરત, ભાવનગર અને જામનગર ખાતે પણ કિડની સંસ્થાન દ્વારા IVF સુવિધા ઉપલબ્ધ કરા વાશે. જ્યારે આવાસ યોજનાઓ અંતર્ગત આ વર્ષે 3 લાખથી વધુ નવા મકાન બનાવવાનું લક્ષ્ય રખાયું છે.

જ્યારે નારીશક્તિના સશક્તિકરણ માટે 'લખપતિ દીદી ' અભિયાન અને 'નમો લક્ષ્મી યોજના' જેવી પહેલને વેગ અપાયો છે. ખાસ કરીને ITIમાં ભણતી દીકરીઓ માટે નવી 'નમો કૌશલ્ય લક્ષ્મી યોજના'ની જાહેરાત કરવામાં આવી છે.

ઔદ્યોગિક વિકાસને વેગ આપવા 25 GIDCને 'સ્માર્ટ GIDC' બનાવવાનું આયોજન છે અને આદિજાતિ વિસ્તારોમાં 5 નવી ઔદ્યોગિક વસાહતો સ્થપાશે.

---

# JITU VAGHANI ON BUDGET

કૃષિમંત્રી જિતુ વાઘાણીએ રાજ્ય સરકારના અંદાજપત્રને આવકારતા કહ્યું , તે વિકસિત ભારતના સંકલ્પને દ્રઢતા સાથે આગળ વધારશે. તેમણે કહ્યું , અંદાજપત્રમાં કૃષિ અને ખેડૂત કલ્યાણ વિભાગ માટે કરાયેલી 24 હજાર 22 કરોડ રૂપિયાની જોગવાઈ અન્નદાતાના સશક્તિકરણને વેગ આપશે.

જ્યારે પાક સંગ્રહ સ્ટ્રક્ચર યોજના હેઠળ સ્ટ્રક્ચરના માપને વધારીને 600 ચોરસ ફૂટ કરાયું. તેમજ સહાય પણ બમણી કરીને બે લાખ રૂપિયા કરવામાં આવી છે. રસાયણમુક્ત પ્રાકૃતિક ખેતીને પ્રોત્સાહન આપવા 392 કરોડ રૂપિયા ફાળવાયા છે. સાથે જ કૃષિ આધારિત ઉદ્યોગો માટે આ અંદાજપત્રમાં નવી “ગુજરાત કૃષિ વ્યવસાય અને નિકાસ પ્રોત્સાહન નીતિ ” જાહેર કરવામાં આવી છે. તે મુજબ , પાંચ હજારથી વધુ કૃષિ વ્યવસાયને સહાય અપાશે તેમ પણ શ્રી વાઘાણીએ ઉમેર્યું.

---

# SASTA ANAJ – COMMISISON VADHARO

રાજ્યના અંદાજપત્રમાં સસ્તા અનાજના દુકાનદારોના કમિશનમાં વધારો કરવાની જાહેરાતને સુરેન્દ્રનગરના સસ્તા અનાજ દુકાન સંગઠનના પ્રમુખ ગજેન્દ્ર ચૌહાણે આવકારી તેમણે કહ્યું, તેનાથી સસ્તા અનાજના 17 હજાર દુકાનદારોને લાભ થશે.

## બાઇટ - ગજેન્દ્ર ચૌહાણ

---

# NAMO KAUSHLYA LAKSHAMI YOJANA

રાજ્યના અંદાજપત્રમાં ઔદ્યોગિક તાલીમ સંસ્થા – I.T.I-માં ભણતી વિદ્યાર્થિનીઓ માટે નમો કૌશલ્ય લક્ષ્મી યોજના જાહેર કરવામાં આવી છે. આ યોજનાના સફળ અમલીકરણ અને દિકરીઓને સીધો લાભ પહોંચાડવા અંદાજપત્રમાં 40 કરોડ રૂપિયાની જોગવાઈ કરવામાં આવી છે.

આ અંગે સુરેન્દ્રનગર I.T.I-ના પ્રિન્સિપાલ પરાગ શાહે પ્રતિક્રિયા આપી.

## (BYTE: PARAG SHAH, PRINCIPAL, SURENDRANAGAR ITI)

---

# HARSH SANGHAVI CHETAVANI

નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ કહ્યું , પોલીસને પડકાર આપનારા તમામ લોકોને તેમની જ ભાષામાં જડબાતોડ જવાબ અપાશે. ગાંધીનગરમાં પોલીસ વિભાગ દ્વારા અંદાજે 273 કરોડ રૂપિયાના ખર્ચે થનારી વિવિધ વિકાસલક્ષી પરિયોજનાનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરતાં શ્રી સંઘવીએ આ વાત કહી.

તેમણે કહ્યું, રાજ્ય પોલીસ કેફી પદાર્થ અને વ્યાજખોરી સામે લડાઈ લડી રહી છે. માત્ર 90 દિવસમાં 45થી વધુ કેફી પદાર્થની હેરાફેરી કરનારાઓને સજા અપાવવાની ઐતિહાસિક સફળતા પણ રાજ્ય પોલીસે મેળવી હોવાનું શ્રી સંઘવીએ ઉંમેર્યું.

## (BYTE: HARSH SANGHAVI, DEPUTY CHIEF MINISTER)

---

# GOVT DECISION

રાજ્ય સરકારના સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ દ્વારા આવકનું પ્રમાણપત્ર અંગે મહત્વના સુધારા જાહેર કરાયા છે. તે મુજબ, પ્રમાણપત્ર આપવાની પ્રક્રિયામાં સરળતા અને ડિજિટલ સુવિધાઓનો સમાવેશ કરાયો છે. હવે , અરજદારે સેલ્ફ ડેક્લેરેશન એટલે કે , સ્વ-એકરારનામું આપવાનું રહેશે. જ્યારે ખોટી માહિતી આપનારાઓ સામે કાયદેસરની કાર્યવાહી કરાશે.

સાથે જ આવકનું પ્રમાણપત્ર હવે **QR** કોડ અને ડિજિટલી સહીવાળું ઇ-સિલ સાથે અપાશે. ઉપરાંત અરજદારને ઑનલાઈન માધ્યમથી અરજી અને ટ્રેકિંગની સુવિધા મળી રહેશે.

---

# AMBAJI TITHI BHOJAN

શક્તિપીઠ અંબાજીમાં કલેક્ટર મિહિર પટેલે તિથિ ભોજન યોજનાનો પ્રારંભ કરાવ્યો. તેના થકી દરરોજ હજારો શ્રદ્ધાળુઓને નિઃશુલ્ક પ્રસાદનો લ્હાવો મળશે. યોજનાના પહેલા જ દિવસે 30 કરોડ રૂપિયાથી વધુનું દાન સેવા માટે એકત્રિત થયું હોવાનું કલેક્ટર મિહિર પટેલે જણાવ્યું.

## (BYTE: MIHIR PATEL, COLLECTOR)

---

# RAMZAN MOON

ગુજરાત સહિત દેશના અનેક ભાગમાં ગઈકાલે સાંજે ચાંદ દેખાવાની સાથે આજથી મુસ્લિમ સમુદાયના રમઝાનના પાવન મહિનાનો પ્રારંભ થઈ રહ્યો છે. આજે રમઝાનના મહિનાનો પહેલો દિવસ છે. રમઝાન ઇસ્લામી કેલેન્ડરનો નવમો મહિનો છે અને મહિનાના અંતે ઇદ—ઉલ—ફિત્રની ઉજવણી કરાય છે.

---

# T20 CRICKET AHMEDABAD

ICC ટી-20 ક્રિકેટ વિશ્વકપમાં વર્તમાન ચેમ્પિયન ભારતે ગઈકાલે ગ્રુપ એ-ની અંતિમ મેચમાં નેધરલેન્ડ્સને 17 રનથી હરાવ્યું. નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં રમાયેલી મેચમાં ભારતે પહેલા બેટિંગ કરી નિર્ધારિત 20 ઓવરમાં 193 રન બનાવ્યા. શિવમ દુબેએ 31 બોલમાં સૌથી વધુ 66 રન અને બે વિકેટ લેતા તેમને મેન ઓફ ધ મેચ જાહેર કરાયા હતા.

જવાબમાં નેધરલેન્ડ્સની ટીમ 20 ઓવરમાં સાત વિકેટ ગુમાવી 176 રન જ બનાવી શકી. ભારત તરફથી વરુણ ચક્રવર્તીએ ત્રણ વિકેટ ઝડપી હતી. આ રવિવારે ભારત સુપર આઠ-ની પહેલી મેચ દક્ષિણ આફ્રિકા સામે અમદાવાદ માં રમશે.

---

# WEATHER FORECAST

રાજ્યમાં આગામી 48 કલાકમાં મહત્તમ તાપમાનમાં મોટા ફેરફારની શક્યતા નહીંવત્ છે. ત્યારબાદ તાપમાન બે-થી ત્રણ ડિગ્રી સેલ્સિયસ વધી શકે છે. હવામાન વિભાગના નિયામક ડૉક્ટર એ. કે. દાસે કહ્યું , રાજ્યમાં હાલ ત્રણ અલગ-અલગ પ્રણાલિ સક્રિય હોવાથી આગામી દિવસોમાં પવનની ગતિ વધુ રહેશે અને કેટલાક વિસ્તારમાં વાદળછાયું વાતાવરણ રહી શકે છે.

**(BYTE: DR. A. K. DAS, DIRECTOR, IMD AHMEDABAD)**

---

# PORBANDAR DEMOLITION

પોરબંદરમાં મહેસૂલ વિભાગ અને નગરપાલિકા દ્વારા અંદાજે 12 કરોડ રૂપિયાની સરકાર જમીન પરથી ગેરકાયદે દબાણ હટાવાયું છે. બોખીરા વિસ્તારમાં સરકારી ખરાબાના સરવે નંબર 817ની આઠ હજાર 285 ચોરસ મીટર અને નગરપાલિકાની 12 હજાર 500 ચોરસ મીટર જમીન પરના દબાણકર્તાઓને અગાઉ નોટિસ અપાઈ હતી. છતાં તેમણે દબાણ દૂર ન કરતા આ કાર્યવાહી કરવામાં આવી છે.

મામલતદાર ભરત સાંચાણીએ સરકારી જમીન પર કરાયેલા દબાણને સ્વેચ્છાએ દૂર કરવા પણ ચેતવણી આપી હતી.

---

# VIDHANSABHA TODAY

ગુજરાત વિધાનસભામાં આજે બપોરે 12 વાગ્યે તારાંકિત પ્રશ્નોત્તરી સાથે ગૃહની કાર્યવાહી શરૂ થશે. સત્તાવાર યાદી મુજબ , રાજ્યપાલ આચાર્ય દેવવ્રતના સંબોધન પર ચર્ચાનો આજે પહેલો દિવસ છે. આ સાથે જ બિનસરકારી કામકાજ અને વિધેયક રજૂ કરાશે.

ધારાસભ્ય ઇમરાન ખેડાવાલા ગુજરાત લઘુમતી કલ્યાણ અને સંરક્ષણ વિધેયક, ધારાસભ્ય બાબુભાઈ જમનાદાસ પટેલ ગુજરાત માતાપિતા અને આશ્રિતોના ભરણપોષણ બાબત વિધેય , ધારાસભ્ય હેમન્ત વસાવા ગુજરાત લગ્ન-નોંધણી સુધારા વિધેયક અને ધારાસભ્ય અનિરુદ્ધ દવે ગુજરાત સર્વધર્મ શ્રદ્ધા , પ્રતીક અને સદભાવ સંરક્ષક વિધેયક ગૃહમાં રજૂ કરશે.

---